# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૮ તા.૨૬-૦૪-૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ.પ્રાથમિક તથા ઉચ્ચતર પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ભારત સરકારના માનવ સંસાધન અને વિકાસ વિભાગ (MHRD) દ્વારા ચાલુ વર્ષ ૨૦૧૮-૧૯ માં UDISE વિસ્તૃત કરી ઓનલાઈન UDISE+ (Extended UDISE) કરવામાં આવેલ છે.MHRD ની સૂચના અન્વયે ચાલુ વર્ષ ૨૦૧૮-૧૯ ની તમામ મ્યુનિ.પ્રાથમિક તથા ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની માહિતી UDISE+ અંતર્ગત મેળવવાની થાય છે.

સર્વ શિક્ષા અભિયાન તેમજ રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન યોજના અન્વયે જિલ્લા કક્ષા તેમજ રાજ્ય કક્ષાએ પ્રાથમિક, ઉચ્ચતર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરના શૈક્ષણિક આયોજન માટે તૈયાર કરવામાં આવતા વાર્ષિક અંદાજપત્રમાં તથા શૈક્ષણિક નીતિ આયોજન તેમજ શિક્ષણને લગતા નીતિ વિષયક નિર્ણયો લેવામાં રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ ડાયસની માહિતીને આધારભૂત ગણી તેનો ઉપયોગ કરવામાં આવે છે.

<u>શિક્ષણનો અધિકાર અધિનિયમન -૨૦૦૯ ની કલમ -૧૨ (૩) તથા ગુજરાત રાઈટ ટુ એજ્યુકેશન રૂલ્સ ૨૦૧૨ માં નિયમ -૧૩ (૧)(જ)(ઝ) અને તે સાથેના પરિશિષ્ટ-૨ ના નમુના -૨ ની શરતોની શરત -૧૦ અને ૧૭ અનુસાર દરેક શાળાઓને આ માહિતી આપવી ફરજિયાત છે.આ અંગે ઉપરોક્ત તમામ શાળાઓની નોંધણી યુ-ડાયસ અંતર્ગત થવી જરૂરી છે. અન્યથા શાળાની માન્યતા રદ થઈ શકે છે.</u>

૧. તમામ શાળાઓએ ડાયસ ફોર્મમાં શાળાકીય માહીતી, શાળાની ભોતિક સુવિધાઓ અને સાધનોની માહીતી, શિક્ષકો અને ઈન્સ્ટ્રક્ટરનીમાહિતી (મુખ્ય શિક્ષક સહિત), નવું નામાંકન ધોરણ-૧ નીમાહિતી, ચાલુ શૈક્ષણિક વર્ષનું નામાંકન (સામાજિક જાતિ પ્રમાણે), ચાલુ શૈક્ષણિક સત્રમાં ધોરણવાર નામાંકન (ઉમર પ્રમાણે) તથા મીડીયમ પ્રમાણે નામાંકન (તમામ) તમામ માહીતી, વિશિષ્ટ જરૂરીયાત ધરાવતા (C.W.S.N) બાળકોની માહિતી ફરજીયાત સ્પષ્ટ અને સાચી ભરવાની રહેશે.

૨. શિક્ષકો અને ઈન્સ્ટ્રક્ટરની માહિતીમાં શિક્ષકોને આધારકાર્ડ તથા શિક્ષકોના મોબાઈલ નંબરની માહિતી આપવી ફરજિયાત આપવાની રહેશે.અન્યથા જે શિક્ષકોનો આધારકાર્ડ ,મોબાઈલ નંબરની માહિતી આપવામાં આવેલ નહી હોય તે શિક્ષકોની જેતે શાળામાં એન્ટ્રી કરવામાં આવશે નહી.પ્રવાસી શિક્ષકોની માહિતી દર્શાવવી નહી.

૩. આપની શાળાનું યુ-ડાયસ ફોર્મમાં પત્રકમાં -ચાલુ શૈક્ષણિક વર્ષનું નામાંકન (સામાજિક જાતિ પ્રમાણે),ચાલુ શૈક્ષણિક સત્રમાં ધોરણવાર નામાંકન (ઉમર પ્રમાણે) તથા મીડીયમ પ્રમાણે નામાંકન (તમામ) આપની શાળાએ આધાર ડાયસમાં કરેલ બાળકોની એન્ટ્રી મુજબ ભરવાની રહેશે. આધાર ડાયસમાં તે મુજબ બાળકોની એન્ટ્રીની જવાબદારી મુખ્ય શિક્ષકશ્રીઓની રહેશે.

૪. યુ-ડાયસ ફોર્મમાં શાળાના વિવરણમાં ઍસ.ઍમ.સીના સભ્યની સંખ્યાની વિગતો તથા ઍસ.ઍમ.સી બેંકનું નામ, શાખાનું નામ ,ખાતાનું નામ , ખાતા નં. તથા આઇ.એફ.ઍસ.સી કોડ વિગતો ફરજિયાત આપવાની રહેશે.

સદર ડાયસ ફોર્મ અંગેની માહિતી યુ-ડાયસ ફોર્મમાં માહિતી આપવાની જવાબદારી શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓની રહેશે.

આપના ક્લસ્ટરના સી.આર.સી.કો-ઓર્ડિનેટરનો સંમ્પર્ક કરી આપની શાળાનું યુ-ડાયસ ફોર્મ મેળવી તમામ માહિતી ભરી શાળાના સહી સિક્કા સાથે સી.આર.સી કો ને તા.૩૦/૦૪/૧૯ સુધીમાં જમા કરવાના રેહશે.

તા.૨૬-૦૪-૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ

શાસનાધિકારી